# એકલવીર, એક્સપેરિમેન્ટલ ને બહાદુર બંદાઃ બી.આર ચોપરા

અલગ પ્રકારની ફિલ્મોએ મને ખૂબ પડકારો આપ્યા, નુકસાની આપી પણ મારા પેશન-મારી ઘેલછાએ મારામાંના ફિલ્મમેકરને જીવાડ્યો.'

..

'હું હંમેશાં એવી ફિલ્મો બનાવવામાં વિશ્વાસ રાખું છું જે સમાજને પ્રતિબિંબિત કરે અને વિચાર પ્રેરિત કરે, માત્ર મનોરંજન નહીં.'

આ શબ્દો છે બી. આર. ચોપરાના, જે સામાજિક સભાનતા સાથે સુપરહિટ ફિલ્મો માટે આજેય સિનેમાનો માઈલસ્ટોન માણસ છે. ચોપરાજીની ફિલોસોફી માત્ર વાતોનાં વડાં નથી પણ એમણે 'એક હી રાસ્તા' (1956)માં વિધવા-વિવાહ અને 'ધૂલ કા ફૂલ' (1959) કે 'ધર્મપુત્ર'(1961)માં કોમી-એકતા જેવા જલદ વિષયને ઊંડાણથી ને સફળતાથી રજૂ કરીને દેખાડેલા.


બી.આર.ચોપરા દેશના ભાગલા બાદ પાકિસ્તાનથી ભારત આવ્યા. ફિલ્મો બનાવતા પહેલાં ચોપરા કલકત્તાના અખબાર માટે ફિલ્મ રિવ્યૂઝ લખતા, જેમાં ભારતીય સિનેમામાં વાસ્તવિક અને સબળ વાર્તાના અભાવની સતત ટીકા કરતા માટે જ ચોપરાજીની ફિલ્મો હંમેશાં 'કથા-પ્રધાન' રહેતી. તેઓ મુંબઈ આવ્યા ને શરૂઆતમાં મિત્રો સાથે પાર્ટનરશિપમાં ફિલ્મ પ્રોડ્યુસ કરી પણ એમની નિર્માતા તરીકે પહેલી જ ફિલ્મ 'કરવટ' ફ્લોપ ગઈ. એમના પાર્ટનર્સ ભાગી ગયા ને તેઓ એકલા જ પોતાના સપનાને સાકાર કરવામાં મચી પડ્યા. ચોપરાજી અવારનવાર મુંબઈના એક રેસ્ટોરન્ટમાં જતા. ત્યાં સ્ટ્રગલ કરતા નવા આર્ટિસ્ટ્સ ભેગા થતા. એમની મદદથી એમણે નિર્દેશક તરીકેની પહેલી ફિલ્મ 'અફસાના' બનાવી જે સુપર હિટ થઈ.

બી.આર.ચોપરાની 1988માં શરૂ થયેલી ભવ્ય-ક્લાસિક ટી.વી. સીરિયલ 'મહાભારત'ને હજી પણ લોકો યાદ કરે છે. એમણે 'મહાભારત' પહેલાં તો ફીચર ફિલ્મ તરીકે પ્લાન કરેલી પણ પછી સમજાયું કે 'મહાભારત' જેવા એપિકની વિશાળતા માત્ર 3 કલાકમાં ના સમાવાય એટલે એમણે વિસ્તારથી 94 એપિસોડની સીરિયલ બનાવી. ચોપરાજીએ 'મહાભારત' સીરિયલ માટે કવિ પં.નરેન્દ્ર શર્મા જેવા વિદ્વાન સાહિત્યકારોની સલાહ લીધેલી અને ડૉ. રાહી માસૂમ રઝા જેવા ઉર્દૂ-હિંદીના મશહૂર લેખક પાસે યાદગાર સંવાદો લખાવેલા. શરૂઆતમાં લોકોએ વિરોધ કરેલો કે એક મુસલમાન લેખક મહાભારત શું સમજે? પણ રાહી માસૂમના સંવાદોએ સૌની બોલતી બંધ કરી નાખી. એમણે એ જમાનામાં સ્પેશિયલ ઈફેક્ટ્સ માટે ક્રોમા કી જેવી મોડર્ન ટેક્નિક્સ વાપરેલી.

ચોપરાજી, રોમેંટિક ફિલ્મોના જાદુગર યશ ચોપરાના મોટા ભાઈ જ નહોતા પણ એક રીતે ગોડફાધર કે ગુરુ હતા. યશ ચોપરાએ 1972માં બી.આર.ફિલ્મ્સ છોડીને રાજેશ ખન્નાની મદદથી યશરાજ ફિલ્મ શરૂ કરી ને 'દાગ' જેવી હિટ ફિલ્મ બનાવી ત્યારે બી.આર. ચોપરાની એકધારી સફળતા પર ખૂબ અસર થઈ હતી. યશજીની 'દાગ', 'દિવાર', 'ત્રિશૂલ', 'કભી-કભી' ફિલ્મોની સફળતાએ બી.આર. ચોપરાને પાછળ મૂકી દીધા છતાં ચોપરાએ બાસુ ચેટર્જી પાસે 'પતિ પત્ની ઓર વો' જેવી કોમેડી બનાવડાવી અને 'ઈંસાફ કા તરાઝુ' જેવી હિટ ફિલ્મો પ્રોડ્યુસ કરવાની ચાલુ રાખી. આ ફિલ્મોમાં એમણે લગ્ન બહારનાં લફડાં ને બળાત્કાર જેવા બોલ્ડ થીમ્સ લાવવાની હિમ્મત કરી. 'નિકાહ' ફિલ્મમાં મુસ્લિમ સમાજના તલાકના ગંભીર વિષયને છંછેડીને યાદગાર સંગીત ને નવા કલાકારો સાથે એ જમાનામાં હિટ કરી દેખાડેલી. 1960ના દાયકામાં એક પરિણીતા સ્ત્રી, લગ્ન બહાર સંબંધ રાખે એવી 'ગુમરાહ' જેવી ફિલ્મ બનાવેલી. તો અશોકકુમાર અભિનીત 'કાનૂન' જેવી એક જ સેટ પર, એક પણ ગીત વિનાની માત્ર કોર્ટરૂમ ડ્રામાની હિટ ફિલ્મ આપેલી. બી.આર.ચોપરાએ મુંબઈના જૂહુ વિસ્તારમાં ફિલ્મોના એડિટિંગ ને ડબિંગ માટે શાનદાર આધુનિક બી.આર સ્ટુડિયો પણ બનાવેલો.

ચોપરાજીની ફિલ્મ 'નયા દૌર'માં શરૂઆતમાં મધુબાલાને દિલીપકુમારની હીરોઈન તરીકે લેવામાં આવી હતી. મધુબાલા ને દિલીપ કુમાર 9-9 વર્ષથી રિલેશનશિપમાં હતાં. મુંબઈના સ્ટુડિયોમાં લગભગ 10 દિવસ ફિલ્મનું શૂટિંગ થયું. ત્યાર બાદ ગામડાના સીન માટે ભોપાલ નજીક એક ગામડામાં 40-45 દિવસના લાંબા આઉટડોર શૂટિંગ માટે જવાનું હતું. મધુબાલાના પિતા અતાઉલ્લા ખાને મધુબાલાની નાજુક તબિયતનું (હાર્ટની સમસ્યાનું) બહાનું આપ્યું પણ અસલી કારણ એ હતું કે અતાઉલ્લાને દિલીપ કુમાર સાથે મધુબાલાનો રોમાન્સ મંજૂર નહોતો.

આખરે મધુબાલા એ ફિલ્મમાંથી નીકળી ગઈ. ચોપરાજીએ મધુબાલા અને એના પિતા અતાઉલ્લા ખાન પર કોન્ટ્રાક્ટ ભંગ કરવા બદલ લાખોની માંગણી કરી. જવાબમાં, અતાઉલ્લા ખાને હીરોઈનને કહ્યા વિના લોકેશન બદલવા માટે ચોપરાજી વિરુદ્ધ સામો કેસ કર્યો. 1956માં કેસ બોમ્બે હાઈ-કોર્ટમાં ગયો, જે ત્યારના મીડિયામાં ખૂબ ગાજ્યો પણ અદાલતમાં દિલીપ કુમારે મધુબાલા વિરુદ્ધ બયાન આપ્યું અને આઉટડોર શૂટની જરૂરિયાતને સાચી ઠેરવી અને અતાઉલ્લા ખાનની ટીકા કરી. કોર્ટે ચોપરાના પક્ષમાં ચુકાદો આપ્યો. પછી ફિલ્મમાં મધુબાલાની



જગ્યાએ વૈજયંતીમાલાને લેવામાં આવી. કેસને લીધે ફિલ્મની પબ્લિસિટી એટલી બધી થઈ કે ફિલ્મ સુપરડુપર હિટ થઈ. 'મેન વિ. મશીન' અર્થાત્ 'માણસ વિ. મશીન'ના થીમને ખુદ ત્યારના પી.એમ. નેહરુએ બિરદાવેલી. નેહરુજીનો એ પત્ર 'રાજુ બન ગયા જેંટલમેન', 'યેસ બોસ', 'ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની' જેવી ફિલ્મો અને 'નુક્કડ' જેવી યાદગાર સીરિયલના નિર્દેશક અઝિઝ મિર્ઝાના પિતા અને 'નયા દૌર'ના લેખક સ્વ. અખ્તર મિર્ઝાના ઘરે ફ્રેમમાં મઢેલો મેં ખુદ જોયો છે. ચોપરાજી બોલિવૂડમાં સ્ટોરી વિભાગ શરૂ કરનારા પહેલાં હતા. જેમાં 3-4 લેખકોને મહિને સન્માનીય રકમનો પગાર આપવામાં આવતો. જેમાં એક ગુજરાતી લેખક સી.જે.પાવરી પણ હતા. ચોપરાજી, ગુજરાતી નાટકો પણ જોતા એટલે જ સ્વ.પ્રવીણ જોશીના નાટક 'ધુમ્મસ' પરથી 'ઈત્તેફાક' નામની થ્રિલર ફિલ્મ બનાવેલી. આ ફિલ્મ રોમેંટિક સુપરસ્ટાર રાજેશ ખન્ના ને એક પણ ગીત કે હીરોઈન વિના માત્ર 21 દિવસમાં પ્રોડ્યુસ કરેલી. વળી આ જ ફિલ્મમાં રાજેશ ખન્નાને અભિનયની સહાય કરવા મૂળ ગુજરાતી નાટકના હીરો ને અદ્ભુત અદાકાર અરવિંદ જોશી સેટ પર હાજર રહેતા. આજે બોલિવૂમાં સાઉથમાંથી ફિલ્મની વાર્તા શોધતા નિર્માતાઓ ઠેરઠેર છે પણ ચોપરાની ફિલ્મો ત્યારે સાઉથમાં રીમેક થતી. હિંદી ફિલ્મ ઈતિહાસમાં બી.આર.ચોપરા સમય સાથે, સમયથી આગળ, સ્ટાર સાથે કે સ્ટાર વિના, સુપરહિટ ગીત-સંગીત સાથે કે વગર, એક પ્રયોગશીલ ને છતાંયે સફળ વત્તા 'સૌથી હિમ્મતવાન નિર્માતા-નિર્દેશક' હતા અને રહેશે. 1998માં એમને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો ત્યારે કહેલું "મારા હિસાબે, આ એવોર્ડ મારી ફિલ્મ કારકિર્દીનો ક્લાઈમેક્સ છે." પણ ના, ચોપરાજી છેક 2004 સુધી અમિતાભની 'બાગબાન' ફિલ્મ સુધી કાર્યરત હતા.

આજે ચોપરાજીનો જન્મદિવસ છે. આવા એકલવીર, એક્સપેરિમેન્ટલ ને બહાદુર બંદાને 100-100 સલામ. .

**આજે બોલિવૂડમાં સાઉથમાંથી ફિલ્મની વાર્તા શોધતા નિર્માતાઓ ઠેરઠેર છે પણ ચોપરાની ફિલ્મો ત્યારે સાઉથમાં રીમેક થતી. હિંદી ફિલ્મ ઇતિહાસમાં બી.આર.ચોપરા સમય સાથે, સમયથી આગળ, સ્ટાર સાથે કે સ્ટાર વિના, સુપરહિટ ગીત-સંગીત સાથે કે વગર, એક પ્રયોગશીલ ને છતાંયે સફળ વત્તા 'સૌથી હિમ્મતવાન નિર્માતા-નિર્દેશક' હતા અને રહેશે**

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ

# મિષ્ટી, કોકો અને કોટનઃ મિલકત નહીં પણ 'જાન'ની કસ્ટડીનો જંગ!



કહેવાય છે કે પ્રેમનો કોઈ કાયદો હોતો નથી પણ જ્યારે પ્રેમ ભરેલા સંબંધોમાં તિરાડ પડે છે ત્યારે ક્યારેક માસૂમ જીવોએ પણ ન્યાયના ઉંબરે ઊભા રહેવું પડે છે. દિલ્હી હાઈકોર્ટમાં તાજેતરમાં ચાલેલો એક કિસ્સો માત્ર કાયદાકીય દાવપેચનો નહોતો પરંતુ તે માનવીય સંવેદના અને અબોલ જીવો પ્રત્યેના અતૂટ લગાવની એક હૃદયસ્પર્શી કહાની હતી. આ લડાઈ હતી ત્રણ શ્વાન મિષ્ટી, કોકો અને કોટનની કસ્ટડીની, જેમના માટે તેમના માલિકો અદાલતમાં આમને-સામને આવી ગયા હતા.

આ કહાની શરૂ થાય છે એક દંપતીથી, જેમણે પોતાના ઘરને ખુશીઓથી ભરી દેવા માટે આ ત્રણ જીવોને અપનાવ્યા હતા. મિષ્ટી, કોકો અને કોટન તેમના માટે માત્ર પાલતુ પ્રાણીઓ નહોતાં, પણ તેમના પરિવારના અભિન્ન સભ્યો હતા. આ શ્વાનોએ એ ઘરના દરેક ખૂણામાં પોતાની હાજરીથી સ્મિત વેર્યું હતું પરંતુ સમયનું ચક્ર ફર્યું અને દંપતી વચ્ચેના અંગત મતભેદો એટલા વધી ગયા કે મામલો છૂટાછેડા સુધી પહોંચ્યો હતો.

જ્યારે ઘર વિખરાય છે ત્યારે માત્ર ફર્નિચર કે મિલકતની વહેંચણી નથી થતી પણ એ લાગણીઓની પણ વહેંચણી થાય છે જે વર્ષોથી સાથે રહીને સિંચાઈ હોય છે. આ કિસ્સામાં સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો કે ઘરમાં રહેતા ત્રણ માસૂમ જીવો કોની પાસે રહેશે?

સામાન્ય રીતે અદાલતોમાં જમીન-જાયદાદ કે પૈસાના હિસાબો થતા હોય છે પરંતુ જ્યારે જસ્ટિસ સમક્ષ આ ત્રણ શ્વાનનો વિષય આવ્યો ત્યારે વાતાવરણ ભાવુક બની ગયું હતું. પતિ અને પત્ની બંનેનો પક્ષ એક જ હતો- અમે તેને પ્રેમ કરીએ છીએ, અમે તેમના વિના જીવી શકીએ તેમ નથી.

પત્નીની દલીલ હતી કે મિષ્ટી, કોકો અને કોટન તેની માનસિક શાંતિનો આધાર છે. તેઓ તેને એકલાપણું અનુભવવા દેતા નથી. બીજી તરફ, પતિનો દાવો હતો કે તેણે આ જીવોના ઉછેર માટે રાત-દિવસ એક કર્યા છે, તેમની તબિયત અને જરૂરિયાતોનું ધ્યાન રાખ્યું છે. કાયદાનાં પુસ્તકોમાં 'કસ્ટડી' શબ્દ બાળકો માટે વપરાય છે પણ અહીં એ જ તીવ્રતા આ ત્રણ શ્વાન માટે અનુભવાતી હતી.

વિચાર કરો એ ત્રણ જીવો વિશે, જેઓ બોલી શકતા નથી પણ બધું જ સમજી શકે છે. મિષ્ટીની એ વત્સલ આંખો, કોકોની તોફાની અદાઓ અને કોટનનો એ સફેદ રૂ જેવો કોમળ સ્પર્શ, શું તેમને ખબર હશે કે જેમના હાથોમાંથી તેઓ બિસ્કિટ લેતા હતા, આજે એ જ હાથો ન્યાયાધીશ પાસે તેમનો હક માગી રહ્યા છે? પ્રાણીઓ માટે તેમનો માલિક જ તેમનું આખું વિશ્વ હોય છે. જ્યારે એ વિશ્વ બે ભાગમાં વહેંચાઈ જાય ત્યારે એ મૂંગા જીવો પર શું વીતતી હશે? દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસે આ કેસને માત્ર કાયદાની નજરે નહીં પણ માનવતાની નજરે જોયો. તેમણે નોંધ્યું કે શ્વાન એ કોઈ 'વસ્તુ' નથી કે જેની વહેંચણી નિર્જીવ ચીજવસ્તુઓની જેમ કરી શકાય. તેઓ સંવેદનશીલ જીવો છે. કોર્ટે અવલોકન કર્યું કે પ્રાણીઓને પણ પ્રેમ અને સ્થિર વાતાવરણની જરૂર હોય છે.

અદાલતે આ કેસમાં 'વિઝિટેશન રાઈટ્સ' (મળવાનો અધિકાર) જેવી જોગવાઈઓ પર વિચાર કર્યો, જે સામાન્ય રીતે બાળકોના કેસમાં જોવામાં આવે છે. આ કિસ્સો સાબિત કરે છે કે બદલાતા સમયમાં કાયદો પણ હવે પશુઓના અધિકારો અને તેમની લાગણીઓને સ્વીકારતો થયો છે.

આ કાનૂની લડાઈ સમાજને એક મોટો સંદેશ આપે છે. આપણે ભલે ગમે તેટલા આધુનિક થઈ જઈએ, પણ કુદરતના આ જીવો સાથેનો આપણો સંબંધ લોહીના સંબંધો કરતાં પણ ક્યારેક વધુ ગાઢ બની જાય છે. મિષ્ટી, કોકો અને કોટન માટેની આ લડાઈ એ વાતનું પ્રમાણ છે કે એક શ્વાન માત્ર ઘરની ચોકીદારી નથી કરતો, પણ તે આપણા હૃદયના સૌથી કોમળ ખૂણામાં વસી જાય છે.

જ્યારે દંપતી વચ્ચેની લડાઈમાં આ જીવો 'હથિયાર' કે 'મિલકત' બની જાય છે ત્યારે સૌથી મોટી હાર માનવતાની થાય છે. સાચો પ્રેમ એ છે જે જીવના સુખનો વિચાર કરે, પોતાની જીદનો નહીં.

કલ્પના કરો એ સવારની, જ્યારે આ ત્રણ શ્વાન ઘરના સભ્યોને જગાડતા હશે. કોઈના ચહેરાને ચાટીને, કોઈના પગ પાસે પૂંછડી પટપટાવીને કે પછી રસોડામાં નાસ્તાની સુગંધ પાછળ દોડીને. મિષ્ટીની એ શાંત ગંભીરતા, કોકોની ચંચળતા અને કોટનનો એ દૂધ જેવો નિર્મળ દેખાવ, આ ત્રણેએ મળીને એક એવું સંગીત રચ્યું હતું જે તે ઘરના વાતાવરણને જીવંત રાખતું હતું. જ્યારે દંપતી વચ્ચે અબોલા ચાલતા હશે, ત્યારે કદાચ આ જ જીવો હશે જે બંને વચ્ચેની કડી બન્યા હશે. પ્રાણીઓ પાસે એક અદભુત શક્તિ હોય છે, તેઓ શબ્દો વગર દુઃખ વહેંચી શકે છે. જ્યારે આ દંપતી અલગ થયું ત્યારે આ ત્રણેય જીવોએ પણ એ 'તણાવ' અનુભવ્યો જ હશે. શ્વાન મનુષ્યના ભાવનાત્મક ફેરફારોને ખૂબ ઝડપથી પકડી લે છે. તેમના માટે ઘરનું વિખરાવું એ માત્ર રહેવાની જગ્યા બદલવી નથી પણ તેમની આખી દુનિયાનું ભૂકંપમાં તબાહ થઈ જવા જેવું છે.

દિલ્હી હાઈકોર્ટમાં જ્યારે આ કેસ ચાલ્યો ત્યારે વકીલોએ દલીલ કરી હશે કે કોણે આ શ્વાન પાછળ કેટલો ખર્ચ કર્યો છે, કોણ તેમની સારવાર સારી રીતે કરી શકે છે પણ શું કોઈ એ માપી શક્યું કે મિષ્ટી કોના ખોળામાં માથું મૂકીને સૌથી વધુ નિરાંત અનુભવે છે? શું કોઈ કાયદો એ નક્કી કરી શકે કે કોટનને કોના હાથનો સ્પર્શ સૌથી વધુ સુરક્ષિત લાગે છે? અહીં જ કાયદાની મર્યાદાઓ શરૂ થાય છે. કોર્ટ પાસે 'કસ્ટડી' આપવાની સત્તા છે પણ 'લાગણી' વહેંચવાની નહીં.

ન્યાયમૂર્તિએ જ્યારે આ કેસમાં દખલ કરી ત્યારે તેમણે આડકતરી રીતે સ્વીકાર્યું કે પશ્ચિમી દેશોની જેમ ભારતમાં પણ હવે 'પેટ પેરેન્ટિંગ' એક સામાજિક સત્ય છે. આજે હજારો પરિવારો એવા છે જે સંતાન વગરના છે અને તેમના માટે આ શ્વાન જ તેમનાં સંતાનો છે. મિષ્ટી, કોકો અને કોટન એ કોઈ જંગમ મિલકત નથી કે જેને બે ભાગમાં વહેંચી શકાય. તેઓ જીવંત અસ્તિત્વ છે, જેમની પોતાની પસંદ અને નાપસંદ છે.

આ કિસ્સાથી આપણે એ સમજવું પડશે કે જ્યારે માણસો અંદરોઅંદર લડે છે ત્યારે તેની સૌથી મોટી કિંમત એ જીવોએ ચૂકવવી પડે છે જેઓ તટસ્થ છે. મિષ્ટી, કોકો અને કોટન માટે તો તેમનાં મમ્મી અને પપ્પા બંને એક જ હતાં. તેઓ કઈ રીતે સમજી શકે કે હવે તેમને કોઈ એકને જ પસંદ કરવા પડશે? પ્રાણીઓ માટે 'ન્યાય' એ છે કે જે ઘર તેમને મળ્યું છે ત્યાં તેમને આજીવન છત્રછાયા મળે.

દિલ્હી હાઈકોર્ટનો આ કિસ્સો એક મિશાલ બનશે. તે શીખવે છે કે પાલતુ પ્રાણીઓ પ્રત્યેની જવાબદારી માત્ર તેમને ખવડાવવા કે ફરવા લઈ જવા પૂરતી મર્યાદિત નથી પણ તેમના માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું એ પણ માલિકની ફરજ છે. કદાચ ભવિષ્યમાં આવા કિસ્સાઓમાં શ્વાનોના વર્તનનો અભ્યાસ કરીને નક્કી કરવામાં આવશે કે તેઓ કોની સાથે વધુ ખુશ છે.

અંતે, મિષ્ટી, કોકો અને કોટનની આ કહાની આપણને વિચારતા કરી મૂકે છે. અદાલતો ચુકાદા આપી શકે છે પણ શું એ ચુકાદાઓ એ શૂન્યાવકાશ ભરી શકે છે જે પરિવારના વિખરાવવાથી પેદા થાય છે? આ ત્રણ જીવો કદાચ કોઈ એક પાસે રહેશે પણ તેમના હૃદયમાં તો એ આખું ઘર વસેલું હતું જે હવે તૂટી ગયું છે.

આ કહાની એ દરેક વ્યક્તિને અર્પણ છે જે પોતાના પાલતુ પ્રાણીને માત્ર 'જાનવર' નહીં પણ 'જાન' માને છે. આશા રાખીએ કે મિષ્ટી, કોકો અને કોટનને એવું ઘર મળે જ્યાં તેમને ફરીથી એ જ નિઃસ્વાર્થ પ્રેમ અને સુરક્ષા મળે, જેની તેઓ આશા રાખે છે.

ન્યાય ભલે કોઈ પણ પક્ષે જાય પણ જીત એ માસૂમિયતની થવી જોઈએ જે આ ત્રણેયની પૂંછડી પટપટાવવામાં અને ગેલ કરવામાં છુપાયેલી છે. કાયદાના લાંબા હાથ કદાચ કસ્ટડી નક્કી કરી લેશે પણ એ અબોલ જીવોનો પ્રેમ કોઈ પણ સીમાડાઓ કે કોર્ટના આદેશોથી પર છે.

**દિલ્હી હાઈકોર્ટના ઈતિહાસમાં એક એવી લડાઈ, જ્યાં દલીલો નહીં પણ 'લાગણીઓ' ટકરાઈ: જેમની દુનિયા પરિવાર વિખરાતા તૂટી ગઈ, હવે કોર્ટ નક્કી કરશે તેમનું 'ઘર'**

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર



# અભિપ્રાય અને વિચારધારા

વ્યક્તિગત અભિપ્રાયને વિચારધારા તરીકે સ્થાપિત કરવાનો સમાજમાં એક નવો ટ્રેન્ડ ચાલુ થયો છે. અભિપ્રાય અને વિચારધારા વચ્ચેનો જે સ્પષ્ટ ભેદ છે તે સમજ્યા વગર કોઈ ચોક્કસ પ્રયોજન હેઠળ આ પ્રકારનો પ્રયત્ન થતો હોય તેમ જણાય છે. વ્યક્તિગત અભિપ્રાયને તો 'વ્યક્તિગત અભિપ્રાય' તરીકે નજરઅંદાજ કરી પણ શકાય પરંતુ જ્યારે તેને વિચારધારાનું નામ આપવામાં આવે ત્યારે કોઈ પણ વ્યક્તિ તેને વધુ 'ગંભીરતા'થી લેવા પ્રેરાય. સમાજ માટે આ એક જોખમી પરિસ્થિતિ છે. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે વ્યક્તિ એ સમાજ



નથી, એક વૃક્ષ એ જંગલ નથી, એક છોડ એ બગીચો નથી, એક ફૂલ એ વેણી નથી તેમ વ્યક્તિગત અભિપ્રાય એ વિચારધારા નથી.

સામાન્ય રીતે એમ કહી શકાય અભિપ્રાય એટલે કોઈ વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ મંતવ્ય, વિચાર, માન્યતા કે તેમની દ્રષ્ટિનું સત્ય. અભિપ્રાય એ વ્યક્તિનું કોઈ વિષય, ઘટના, વિચાર અથવા વ્યક્તિ વિશેનું વ્યક્તિગત મૂલ્યાંકન અને તે માટે પ્રસ્તુત કરાયેલ મત છે. સરળ શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે આ 'વ્યક્તિ-લક્ષી' અંગત બાબત છે, જેને સંપૂર્ણ સમાજ સાથે સાંકળવાની કોઈ સંભાવના પણ નથી હોતી અને જરૂરિયાત પણ નથી હોતી.

વ્યક્તિના જીવનનાં અનુભવો, જે તે વિષયની સર્વસ્વીકૃત જાણકારી, બૌદ્ધિક પ્રક્રિયાને અંતે સ્થાપિત થતી સમજ, ઉછેરમાં સિંચાયેલાં મૂલ્ય અને સંસ્કાર, વ્યક્તિનો જેતે સામાજિક, ધાર્મિક તેમ જ રાજકીય વિચારધારામાં વિશ્વાસ તેમ જ વિવિધ મીડિયાના પ્રભાવને આધારે વ્યક્તિનો અભિપ્રાય બંધાતો હોય છે. આ સાથે પરિવાર, મિત્રો, શિક્ષકો, વડીલો અને કેટલાક બુદ્ધિજીવીઓનો અભિપ્રાય પણ વ્યક્તિના અભિપ્રાયને નિર્ધારિત કરી શકે. વ્યક્તિનું વાંચન, તેનાં ચિંતન અને મનનને અસર કરી શકે તેથી તેની અસર અભિપ્રાય પર પણ થઈ શકે. જો પોતાના અભિપ્રાય માટે વિશ્વાસ હોય તો વ્યક્તિનો આત્મવિશ્વાસ દ્રઢ બની શકે. એ સ્વીકારવું પડે કે અભિપ્રાયની આવશ્યકતા છે, લોકશાહીમાં તો ખાસ પરંતુ દર વખતે અભિપ્રાય આપવો જરૂરી નથી હોતો.

વિચારધારા એ ઘણા માનવીનાં વિચારો, મૂલ્યો, માન્યતાઓ, સિદ્ધાંતો કંઈક અંશે શ્રદ્ધાને આધારિત પણ ઘટના છે. અભિપ્રાય એક વ્યક્તિના જીવનને પ્રભાવિત કરી શકે જ્યારે વિચારધારા વ્યક્તિ-સમૂહના, સમાજના નિર્ણય અને જીવનશૈલીને પ્રભાવિત કરવા સમર્થ હોય છે. એક રીતે જોતાં એમ કહી શકાય કે વિચારધારા એ જોવાની, સમજવાની, જીવનમાં ઉતારવાની અને તે પ્રમાણે જીવી લેવાની એક સામૂહિક માનસિકતા છે. વિચારધારા એક વિસ્તૃત વ્યક્તિ-સમૂહના અભિપ્રાયને પ્રભાવિત કરી શકે. સમાજનાં વૈચારિક ઘડતર માટે તે અગત્યની ભૂમિકા સમાન છે તેમ કહી શકાય. પ્રવર્તમાન સામાજિક, રાજકીય, કલાલક્ષી, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ આર્થિક પરિસ્થિતિ પાછળ કોઈને કોઈ સૈદ્ધાંતિક વિચારધારા કાર્યરત હોય છે. વિચારધારા સામુહિકતાને પોષે છે અને સહ-અસ્તિત્વ માટેની ભૂમિકા સ્થાપિત કરે છે. સમાજ છે એટલે વિચારધારા છે અને વિચારધારા છે એટલે સમાજ છે. અભિપ્રાય માટે આમ ન કહી શકાય, પણ એમ ચોક્કસ કહી શકાય કે વ્યક્તિ છે એટલે અભિપ્રાય છે અને અભિપ્રાય છે એટલે વ્યક્તિનું વજૂદ છે.

સમાજમાં વિચારધારાનું મહત્ત્વ છે. સકારાત્મક વિચારધારાના પ્રભાવમાં ઘણી સકારાત્મક પરિસ્થિતિ સમાજમાં ઉદભવી શકે. વિચારધારાને આધારે શિક્ષણની નીતિ તૈયાર થઈ શકે, રાજકીય માળખાને માન્યતા મળી શકે, ધાર્મિક શ્રદ્ધા વધુ સશક્ત બની શકે, એકબીજાનાં સહારે વિકાસની સંભાવના ઉભરી શકે, પરસ્પરનો મતભેદ તેમજ વૈમનસ્યતા ઓછાં થઈ શકે અને સમગ્રતામાં "એકમત"ની સંભાવના રહેતી હોવાથી પ્રત્યેક વ્યક્તિની જિંદગીમાં એક પ્રકારની સરળતા પણ સ્થાપિત થઈ શકે. વિચારધારા સકારાત્મક, સમાવેશીય, મૂલ્યનિષ્ઠ, સત્ય આધારિત, પરિણામ લક્ષી, સંસ્કૃતિ અને પરંપરાને યોગ્ય સ્થાન આપતી, સામાજિક ન્યાય તેમજ માનવ અધિકારો પ્રત્યે સંવેદનશીલ, રાષ્ટ્રવાદી તેમજ પ્રગતિશીલ હોય તે ઈચ્છનીય છે. પણ દર વખતે આમ હોતું નથી. સમાજમાં પ્રવર્તતી કેટલીક વિચારધારા તો સંપૂર્ણપણે ખંડનાત્મક અને વિધ્વંશક કહી શકાય તેવી હોય છે.

આમ તો અભિપ્રાય અને વિચારધારા બંને માનસિક સ્થિતિનું પરિણામ છે પરંતુ તેમનો પ્રભાવ અને તેમની સાર્થકતા ભિન્ન ભિન્ન હોય છે. અભિપ્રાય એ વ્યક્તિગત દ્રષ્ટિકોણ કે માન્યતા છે જ્યારે વિચારધારા એ સમાજનાં મોટાં વર્ગ દ્વારા સ્વીકારાયેલ સામૂહિક સિદ્ધાંત છે. આમ તો બંનેમાં બદલાવ આવી શકે તો પણ અભિપ્રાય વધુ લવચીક જણાય છે બની શકે કે અભિપ્રાયનું આયુષ્ય ઓછું હોઈ શકે જ્યારે વિચારધારા તો લાંબાગાળા સુધી માન્ય રહી શકે તેવી પ્રભાવશાળી ઘટના હોય છે. અભિપ્રાયનો આધાર 'વ્યક્તિ' હોય છે જ્યારે વિચારધારાનો આધાર 'વ્યાપક' છે તેમ કહી શકાય. બંને માનસિક અને બૌદ્ધિક ઘટના છે જેમાં માન્યતા સહજ રીતે સમાયેલી હોય. બંને વર્તન અને નિર્ણયને પ્રભાવિત કરી શકવા સમર્થ હોય છે. બંનેમાં મતભેદની સંભાવના રહેતી હોવાથી સૌમ્ય કે ઉગ્ર ચર્ચા બંનેમાં સંભવી શકે. મજાની વાત એ છે કે અભિપ્રાય વિચારધારાને તો વિચારધારા અભિપ્રાયને અસર કરે છે.

પ્રશ્ન ત્યારે ઉભો થાય જ્યારે કોઈ પોતાના વ્યક્તિગત અભિપ્રાયને વિચારધારા તરીકે સ્થાપિત કરવા પ્રયત્ન કરે. ટીવી ચેનલમાં "લોકો એ જાણવા માંગે છે કે-" એમ જે વારંવાર કહેવામાં આવે છે એ ઘણી વાર વ્યક્તિગત પ્રશ્ન હોય છે. જ્યારે એમ કહેવામાં આવે કે "લોકો આમ માને છે-" ત્યારે એ ઘણીવાર વ્યક્તિગત અભિપ્રાય હોય છે. મીડિયા હાઉસ ઘણી વાર ચોક્કસ પ્રકારના અભિપ્રાયની વાત કરી તેને વિચારધારા તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન કરતાં હોય છે. ઉદાહરણો ઘણાં છે. આ પરિસ્થિતિ જોખમી છે. આમ પણ મીડિયા હાઉસનું કામ અભિપ્રાય આપવાનું નહીં - જેતે વિચારધારાને પ્રોત્સાહન આપવાનું નહીં, માત્ર વાસ્તવિકતા દર્શાવવાનું હોય છે.

**સમાજ છે એટલે વિચારધારા છે અને વિચારધારા છે એટલે સમાજ છે. અભિપ્રાય માટે આમ ન કહી શકાય પણ એમ ચોક્કસ કહી શકાય કે વ્યક્તિ છે એટલે અભિપ્રાય છે અને અભિપ્રાય છે એટલે વ્યક્તિનું વજૂદ છે**

**આંખની અટારી**

★ હેમુ ભીખુ